**રાજ્યમાં વધુ ૮૯૨૦ નવા કેસ : ગાંધીનગરમાં ૧૩૯ : અમદાવાદમાં ૨૮૬૬**





પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૬ | ૧૭ એપ્રિલ, ૨૦૨૧, શનિવાર; ચૈત્ર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# મહામારીનું રૌદ્ર સ્વરૂપ : નવા ૨.૧૬ લાખ કેસ

## દેશમાં છેલ્લા ૧૦ દિવસમાં એક્ટિવ કેસનો આંકડો ૬ લાખ પરથી ૧૫ લાખ પર પહોંચ્યો

નવી દિલ્હી, તા.૧૬

ભારતમાં કોરોના વાયરસની બીજી લહેર વધારેને વધારે પ્રાણ ઘાતક સાબિત થઈ રહી છે. આવામાં સતત બીજા દિવસે કોરોનાના ૨ લાખ કરતા વધારે કેસ નોંધાયા છે. બુધવારે જે કેસ નોંધાયા હતા તેના કરતા નોંધાયેલા કેસમાં ૯%નો ઉછાળો નોંધાયો છે. પાછલા ૨૪ કલાકમાં કોરોનાના કારણે ૧,૧૮૪ લોકોએ જીવ ગુમાવ્યો છે, જે ૧૮ સ્પ્ટેમ્બર ૨૦૨૦ પછીનો સૌથી મોટો આંકડો છે. ભારતમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૫ લાખને પાર થઈ ગઈ છે. આ મહિને કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે તેની સાથે એક્ટિવ કેસનો આંકડો વધારેને વધારે મોટો થઈ રહ્યો છે, ૩૧ માર્ચના રોજ એક્ટિવ કેસનો આંકડો ૬ લાખ પર હતો. એક્ટિવ કેસ જે રીતે વધી રહ્યા છે તેની સાથે કોરોના વાયરસ વધારેને વધારે ઝડપથી ફેલાઈ શકે છે અને મૃત્યુઆંક પણ ઊંચો જઈ રહ્યો છે. ૧૪ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એક દિવસમાં નોંધાતા કેસના જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે. મહારાષ્ટ્રમાં બીજા નંબરના સૌથી વધુ ૬૧,૬૯૫ કેસ એક દિવસમાં નોંધાયા છે. દેશમાં ૨૪ કલાકમાં કુલ ૨,૧૬,૯૦૨ કેસ ગુરુવારે નોંધાયા છે. મૃત્યુઆંક ઊંચો જઈ રહ્યો છે, પરંતુ હજુ પહેલી લહેર દરમિયાન જે રીતે મૃત્યુઆંક વધી રહ્યા હતા તેના કરતા ગતિ ધીમી છે. ૪ રાજ્યોમાં કોરોનાના કારણે ૧૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. જેમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૩૪૯ દર્દીઓએ કરોનાના લીધે જીવ ગુમાવ્યો છે. આ પછી છત્તીસગઢ (૧૩૫), દિલ્હી (૧૧૨) અને ઉત્તરપ્રદેશ (૧૦૪)નો સમાવેશ થાય છે, કે જ્યાં ૧૦૦થી વધુ દર્દીઓના મોત થયા છે. આ સિવાય ગુજરાતમાં ૮૧, કર્ણાટકામાં ૬૬ અને મધ્યપ્રદેશમાં ૫૩ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. પંજાબમાં ૫૧ લોકોએ કરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. જે ૧૦૦ કેસની સામે થતા મૃત્યુમાં ૨.૭% સાથે સૌથી ઉપર રહ્યું છે. દેશમાં કોરોના કેસ સામે થતા મૃત્યુઆંકની ટકાવારી ૧.૨૨% છે, બીજી લહેર દરમિયાન તેમાં ઘટાડો નોંધાયો છે. ઉત્તરપ્રદેશમાં ૨૨,૪૩૯ કેસ સાથે મોટો ઉછાળો નોંધાયો છે, મહારાષ્ટ્ર પછી ૨૦,૦૦૦ કરતા વધારે કેસ નોંધાવનારું ઉત્તરપ્રદેશ એકમાત્ર રાજ્ય છે. આ પછી છત્તીસગઢમાં ૧૫,૨૫૬ નવા કેસ નોંધાયા છે. જ્યારે દિલ્હીમાં ૧૬,૬૯૯ નવા કેસ નોંધાયા છે જે બુધવારે નોંધાયેલા રાજ્યના સૌથી વધુ ૧૭,૨૮૨ કરતા ઓછા છે.

## કોરોના મહામારી ૨૦થી ૨૫ એપ્રિલની વચ્ચે પીક પર હશે

### પ્રોફેસર અગ્રવાલે જણાવ્યું કે, ૨૫ એપ્રિલ બાદ કોરોનાથી રાહત મળવાની શરૂ થઈ જશે અને એક્ટિવ કેસ ઓછા થશે

નવી દિલ્હી,તા.૧૬

દેશમાં ઝડપથી ફેલાઈ રહેલા કોરોના સંક્રમણની વચ્ચે થોડા ચિંતામાં મૂકે તેવા સમાચાર આવી રહ્યા છે. કોરોના પર નજર રાખી રહેલા વિશેષજ્ઞોનું કહેવું છે કે આગામી થોડાક દિવસોમાં કોરોના પીક પર હશે. કોરોના વાયરસને લઈ નીતિ આયોગના સભ્ય ડૉ. વીકે પોલે જ્યાં આગામી ચાર સપ્તાહને ખૂબ જ અગત્યના ગણાવ્યા છે, તો બીજી તરફ આઈઆઈટી કાનપુરની ટીમે મેથેમેટિકલ મોડલના આધાર પર કહ્યું છે કે દેશમાં કોરોનાની લહેર ૨૦થી ૨૫ એપ્રિલની વચ્ચે પોતાની પીક પહોંચી જશે. આઈઆઈટી કાનપુરનાના પ્રોફેસર મનિન્દ્ર અગ્રવાલ મુજબ, કોરોનાની બીજી લહેર પહેલાથી વધુ ખતરનાક જોવા મળી રહી છે. ૧૫ એપ્રિલ એટલે કે કાલે



કોરોનાના કેસે બે લાખના આંકડાને પાર કરી દીધો છે. હજુ પણ સંકટ ઘટ્યું નથી. અમારી ટીમે જે મેથેમેટિકલ મોડલથી કોરોના પર નજર રાખી છે તે મુજબ ૨૦થી ૨૫ એપ્રિલની વચ્ચે આ આંકડો બે લાખ સુધી પહોંચવો જોઈતો હતો. જોકે સ્થિતિ ખૂબ ઝડપથી બદલાઈ ચૂકી છે. પીક વેલ્યૂ બદલાતી જઈ રહી છે. અમે આશા રાખી રહ્યા છીએ કે ૨૦થી ૨૫ એપ્રિલની વચ્ચે કોરોના પીક પર હશે. ત્યારબાદ થોડી રાહત મળવા લાગશે. પ્રોફેસર અગ્રવાલે જણાવ્યું કે, ૨૫ એપ્રિલ બાદ કોરોનાથી રાહત મળવાની શરૂ થઈ જશે અને એક્ટિવ કેસ ઓછા થવા લાગશે. તેઓએ કહ્યું કે મેના અંત સુધીમાં સ્થિતિ સારી થવા લાગશે. પ્રોફેસર અગ્રવાલે જણાવ્યું કે તમામ રાજ્યોમાં એક સામાન્ય સ્થિતિ જ જોવા મળશે. જ્યાં કોરોનાના કેસ સૌથી વધુ છે, ત્યાં પણ મેના અંત સુધી સ્થિતિ સામાન્ય થવા લાગશે. હાલની લહેર અગાઉની લહેરથી એ રીતે અલગ છે કે રોજ નોંધાતા મોતના આંકડા આ વખતે સંક્રમણના દરની તુલનામાં ઓછા છે. વેક્સીન આવી ગયા બાદ લોકોએ બેદરકારી રાખી, જેના કારણે જ કોરોનાના આંકડામાં વધારો થયો છે.

## નિરંજની અખાડાએ કુંભના સમાપનની કરી જાહેરાત

હરિદ્વાર, તા.૧૬

કોરોનાના વધતા પ્રકોપને જોતા નિરંજન અખાડાએ કુંભ સમાપનનો નિર્ણય લીધો છે. કોરોનાની જે સ્થિતિ છે તેને જોતા નિરંજની અખાડાના સચિવ રવિન્દ્ર પુરી મહારાજે કુંભ સમાપનનો નિર્ણય લીધો. રવિન્દ્ર પુરીએ કહ્યું કે ત્રીજા શાહી સ્નાન બાદ અનેક સાધુ સંતોમાં શરદી ઉધરસના લક્ષણો જોવા મળ્યા છે. જેને જોતા અમે ૧૭ એપ્રિલના રોજ કુંભ સમાપ્તિનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે આ નિર્ણય અમારો અંગત નિર્ણય છે. અખાડા પરિષદનો નહીં. હરિદ્વારમાં ચાલી રહેલા કુંભમેળામાં છેલ્લા ૫ દિવસમાં ૧૭૦૧ લોકો કોરોના સંક્રમિત મળી આવ્યા છે. હરિદ્વાર મહાકુંભ ૨૦૨૧ ઉત્તરાખંડના હરિદ્વાર, ટિહરી અને ઋષિકેશના ૬૭૦ હેક્ટર ક્ષેત્રફળમાં ચાલી રહ્યો છે. સોમવારે સોમવતી અમાસ, બુધવારે મેષ સંક્રાંતિ અને વૈશાખીના પર્વ પર થયેલા બંને શાહી સ્નાનોમાં ૪૮.૫૧ લાખ શ્રદ્ધાળુઓમાંથી મોટા ભાગના માસ્ક વગર જોવા મળ્યા હતા.

## યુપીમાં વિકેન્ડ લોકડાઉન, માસ્ક વિના હજારનો દંડ

લખનઉ, તા. ૧૬

કોરોનાના કહેર વચ્ચે ઉત્તર પ્રદેશમાં રવિવારે વીકેન્ડ લોકડાઉન લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે યુપીમાં તમામ શહેરી અને ગ્રામિણ વિસ્તાર રવિવારે બંધ રહેશે. જરૂરી સેવાઓને બાદ કરતાં માર્કેટ અને ઓફિસો બંધ રહેશે. સાથે જ મોટાપાયે સેનેટાઈઝેશન અભિયાન ચાલશે. માસ્ક ન પહેરનારા લોકોને એક હજાર રૂપિયા દંડ ફટકારવામાં આવશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક બાદ નિર્ણય લીધો છે.

યુપી સરકારના નવા આદેશ પ્રમાણે, જો કોઈ વ્યક્તિ બીજી વખત માસ્ક વગર પકડાશે તો દસ ગણું વધુ દંડ વસૂલવામાં આવશે. સાથે જ સીએમએ કાનપુર, પ્રયાગરાજ, વારાણસી જેવા વધુ સંક્રમિત ૧૦ જિલ્લામાં વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા અને સ્થાનિક જરૂરિયાત પ્રમાણે નવા કોવિડ હોસ્પિટલ બનાવવા આદેશ આપ્યા છે.

## યુએસને વેક્સિનના રો મટિરિયલ પરનો પ્રતિબંધ હટાવવા અપીલ

### પૂનાવાલાએ અપીલ સોશિયલ મીડિયા ઉપર કરી

નવી દિલ્હી, તા. ૧૬

કોરોનાના કહર વચ્ચે બચવા માટે કોરોનાની રસી મુકાવવી બહુ જરુરી છે તેવુ ઘણા નિષ્ણાતો કહી રહ્યા છે.

બીજી તરફ ભારતમાં રસીકરણ અભિયાન તો ચાલી રહ્યુ છે પણ તેમાં પણ રસીની અછતનો સામનો કરવો પડી રહ્યો હોવાનુ રાજ્યો કહી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે રસી બનાવતી ભારતની કંપની સિરમ ઈન્સ્ટિટ્યુટના સીઈઓ અદાર પૂનાવાલાએ અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડનને અપીલ કરી છે. પૂનાવાલાએ કહ્યુ છે કે, જો સાચા અર્થમાં આપણે ભેગા થઈને કોરોનાને હરાવવા માંગતા હોય તો અમેરિકાએ રસી બનાવવા માટેના રો મટિરિયલ પર લગાડેલો પ્રતિબંધ હટાવી લેવો જોઈએ. હું અમેરિકાના પ્રમુખને અમેરિકા સિવાયની દુનિયાની રસી બનાવતી કંપનીઓ વતી વિનમ્ર અપીલ કરુ છું કે, રો મટિરિયલ પરનો પ્રતિબંધ દુર કરો તો બીજી જગ્યાએ પણ પ્રોડક્શન વધી શકે. તમારા વહિવટીતંત્ર પાસે આ બાબતને લગતી તમામ જાણકારી છે. પૂનાવાલાએ આ અપીલ સોશિયલ મીડિયા પર કરી હતી. જે હવે વાયરલ થઈ રહી છે. આ અપીલનો એક અર્થ એ પણ છે કે, રસી બનાવવામાં હવે રો મટિરિયલની પણ સમસ્યા નડી રહી છે.

## કોરોનાના વધતા ખતરાને લીધે ચલણી નોટોનું છાપકામ ૩૦ એપ્રિલ સુધી બંધ

નવી દિલ્હી, તા. ૧૬

કોરોના મહામારીના વધતા ખતરાને જોઈ મહારાષ્ટ્રના નાસિકમાં ચલણી નોટનું છાપકામ રોકવામાં આવ્યું છે. સાવચેતીના પગલા તરીકે મહારાષ્ટ્રમાં બ્રેક ધ ચેઈન અભિયાન અંતર્ગત આ પગલું લેવામાં આવ્યું છે. અહીં નોટોનું છાપકામ ૩૦ એપ્રિલ સુધી બંધ કરવામાં આવ્યું છે.

નાસિકની કરન્સી સિક્યુરિટી પ્રેસ અને ઈન્ડિયા સિક્યુરિટી પ્રેસમાં ૩૦ એપ્રિલ સુધી કામ અટકી ગયું છે. આ બંને પ્રેસમાં આ સમયગાળા દરમિયાન ફક્ત આવશ્યક સેવાઓ સાથે જોડાયેલા કર્મચારીઓ જ કાર્ય કરશે, જેમ કે, ફાયર બ્રિગેડ, પાણી પુરવઠા અને તબીબી સેવાઓ સાથે જોડાયેલા કર્મચારીઓ પોતપોતાની શિફ્ટમાં કામ કરશે.

આ સમય દરમિયાન નોટના છાપકામ સાથે સંકળાયેલા લોકો આવશે નહીં, તેથી નોટોનું છાપકામ સંપૂર્ણપણે બંધ રહેશે. તમને જણાવી દઈએ કે ભારતમાં લગભગ ૪૦ ટકા ફરતી નોટો નાસિકના કરન્સી નોટ પ્રેસમાં (સીએનપી) છાપવામાં આવે છે. આ બંને કંપનીમાં લગભગ ૩,૦૦૦ કર્મચારી કામ કરે છે. આ કર્મચારીઓ અને તેમના પરિવારોના સ્વાસ્થ્યની સલામતીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગત વર્ષે પણ કોરોના મહામારીને કારણે કરન્સી પ્રેસ નોટ થોડા દિવસો માટે બંધ હતું. ગત વર્ષે પણ નાસિકનું પ્રેસ થોડા દિવસ બંધ રાખવું પડ્યું હતું. કારણ કે ૪૦ સ્ટાફ કોરોના સંક્રમિત થયા હતા. કરન્સી નોટ પ્રેસ, નાસિકમાં ઉચ્ચ ગુણવત્તાની નોટ્સ છાપવામાં આવે છે.








